## સંક્ષિપ્ત સમાચાર

### પાદરા ખાતે ધી નરસિંહનગર વિકાસ ધિરાણ સહકારી મંડળી લી. પાદરાનો રજત જયંતિ મહોત્સવ યોજાયો



**પાદરા** : પાદરાની ધી નરસિંહ નગર વિકાસ ધિરાણ સહકારી મંડળી લી. ના ૨૫ માં વર્ષના પ્રવેશ કર્યો તે નિમિત્તે દિનેશ ગાંધી હોલ ખાતે મંડળી ના હોદ્દેદારો દ્વારા કાર્યક્રમ યોજાયો હતો જેમાં પાદરાના નામાંકિત ડો.શકુંભાઈ પટેલ અધ્યક્ષ તરીકે અને જિગરભાઈ પંડ્યા એડવોકેટ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત મંચસ્થ મહાનુભવો દ્વારા દીપ પ્રાગટ્ય કરી શરૂઆત કરી હતી ત્યારબાદ મંડળીના પ્રમુખ હર્ષદભાઈ અધ્યારૂ દ્વારા સ્વાગત પ્રવચન અને મહેમાનો નો પરિચય આપવામાં આવ્યો હતો. ત્યારબાદ પધારેલ મહેમાનોનું પુષ્પગુચ્છ અને સાલ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

### પાદરા બી.એ.પી.એસ. સ્વામીનારાયણ મંદિર ખાતે ત્રીજા દિવસે પારાયણ પુજન કરવામાં આવ્યું



**ડભોઇ** : શિવ સંકલ્પ વેલ્ફેર ફાઉન્ડેશન દ્વારા ડભોઈ તાલુકા ના સાઠોદ ગામ ખાતે સંકલ્પ વિદ્યાલય અને સુખધામ વડીલ વિસામો એટલે કે વૃદ્ધાશ્રમ નું સંચાલન કરવામાં આવે છે જ્યાં આજરોજ વૃક્ષારોપણ નો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.જેમાં ધારાસભ્ય શૈલેષ મહેતા ના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું આ સંસ્થા દ્વારા બાળકો ને ભણવા માટે નિઃશુલ્ક વ્યવસ્થા કરવા માં આવી છે.સાથે જ વૃદ્ધાશ્રમ માં વડીલો માટે નજીવો ચાર્જ ભરી રહેવા માટે સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે.વડીલો માટે ત્યાં સુંદર વાતાવરણ માં મહાદેવ નું મંદિર,જમવા માટે ડાઇનિંગ હોલ,પ્રાર્થના માટે પ્રાર્થના હોલ,જેવી વ્યવસ્થા કરવામાં આવી છે.જ્યાં સિનિયર સીટીઝન વડીલો ને શાંતિપૂર્ણ વાતાવરણ માં રહેવા માટે સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. આજરોજ આ સંસ્થા દ્વારા સાઠોદ ગામ ખાતે વૃક્ષારોપણ નો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

### પાદરા ખાતે ધી નરસિંહનગર વિકાસ ધિરાણ સહકારી મંડળી લી. પાદરાનો રજત જયંતિ મહોત્સવ યોજાયો



**પાદરા** : પાદરા રેલ્વે સ્ટેશન સામે આવેલ બી.એ.પી.એસ. સ્વામીનારાયણ મંદિર ખાતે વિશ્વ વંદનીય સંતવર્ય પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મ સ્વરૂપ મહંતતસ્વામી મહારાજની પ્રેરણા થી સંત પારાયણ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સંસ્થા ના વિદ્વાન વક્તા સંત પૂ. જનમંગલ સ્વામીએ પોતાની રમુજી અને રસાળ શૈલીમાં સૌને પારીવારિક એકતા કેમ રાખવી અને કેવી રીતે રાખવી તેનું સુંદર અને સચોટ માર્ગદર્શન આપ્યું હતું. તેમને જણાવ્યું હતું કે, પારિવારિક એકતા માટે સંપી ને રહેવું એકબીજા ના સ્વભાવ ખમવા દરેક ને અનુકુળ થવું ઘર માં અધ્યાત્મિક વાતાવરણ ઉભું કરવું અને પારિવારિક સમસ્યા ને અટકાવવા તેમજ ઘર ને મંગલ બનાવવા ઘર સભા ખુબ જરૂરી છે. બાળકો ને ગર્ભમાંથી ધર્મના સંસ્કાર આપવા. આપણો ઈન્તહાસ તેમી ગવાહી પ્રહલાદ અને અભિમન્યું જેવા પાત્રોથી પુરે છે. તેમને ગર્ભમાં જ સંસ્કાર મળ્યા તેઓ અમર થઈ ગયા.

### પાદરા જલાલપુરા શાળાના આચાર્યે 58માં જન્મદિનની ઉજવણી નિમિત્તે 158 વૃક્ષો વાવ્યા



**પાદરા** : પાદરા તાલુકાના જલાલપુરા ગામે આવેલી ગ્રામ સ્વરાજ ઉત્તર બુનિયાદી વિદ્યાલયના આચાર્યએ તેમના 58 માં જન્મદિવસની ઉજવણી 158 વૃક્ષો રોપીને કરવામાં આવ્યો હતો. સદર વૃક્ષો મુકુલ માધવ ફાઉન્ડેશન દ્વારા ફીનોલેક્સ કંપની સીએસઆર ફંડ માંથી શાળાને વિનામૂલ્યે આપવામાં આવ્યા હતા જેમાં 400 નંગ આંબાની કલમો 20 નંગ નાળિયેરી 20 નંગ લીંબુ 50 નંગ વલસાડી ચીકુ એમ કુલ મળીને 220 વૃક્ષો આપવામાં આવ્યા હતા . શાળાના આચાર્યએ તેમની શાળાના કર્મચારીઓએ તેમના જન્મદિવસની ઉજવણીમાં સહયોગ આપવા બદલ સર્વે કર્મચારી મિત્રો તેમજ મંડળના સર્વે સદસ્યનો આ પ્રસંગે તેમનો આભાર વ્યક્ત કર્યો હતો શાળાના વિદ્યાર્થીઓ વન ઔષધીઓથી પરિચિત થાય તે માટે શાળાના પ્રાયોગિક કાર્યનો જગ્યામાં એક વન ઔષધીય બગીચો પણ તૈયાર કરવામાં આવ્યો છે

### વાઘોડિયામાં કુત્રિમ પૂરની પરિસ્થિતિનું નિર્માણ કરનાર કોણ ?

# વાઘોડિયામાં ખાબકેલા વરસાદથી ઘરોમાં દોઢ ફૂટ પાણી ઘુસતા ઘરવખરીને નુકસાન

**વાઘોડિયાના** હીરાવંશી ચાલમાં રોડના પાણી ઘરોમાં ઘુસતા મહિલાઓએ ચક્કા જામ કર્યો



(પ્રતિનિધિ) વાઘોડિયા,તા,15

વાઘોડિયામાં બપોર બાદ બે કલાકમાં દોઢ ઈંચ વરસાદ વરસતા અનેક નીચાણવાળા વિસ્તારો પાણીથી તરબોળ થઈ ગયા હતા. આજે તાલુકામાં ક્યાંક ધીમીધારે તો ક્યાંક મુસડધાર સાર્વત્રિક વરસાદે વહીવટી તંત્રની પોલ ખોલી હતી. બીજ તરફ ઘણા દિવસો બાદ સારો વરસાદ પડતા ખેડૂતોમાં ખુશી ફેલાઈ હતી.વાઘોડિયા માડોધર રોડ,શિવકૃપા, પરીશ્રમ સોસાયટી, નવી નગરી, રોહિતવાસ તેમજ હિરાવંશી ફળીયામાં પાણી ઘુસ્યા હતા.રબારીવાસમા ઘરોમાં ઘુટણ સમા પાણી ભરાતાં ફળિયાની મહિલાઓ મુખ્યરોડ પર આવી મહિલાઓએ રોડને બંધ કરી વાહનોની અવરજવર રોકી દિધી હતી.

સાથેજ વહીવટી તંત્ર સામે આક્રોશ વ્યકત કર્યો હતો. વાઘોડિયામા બનાવેલ વિકાસપથપર પાણીના નિકાલ માટે વરસાદિ કાંષ તંત્ર બનાવાનુ ભુલી જતા અવાર નવાર આ પ્રકારની સ્થીતી સર્જાય છે તંત્રને અનેક રજૂઆત કરવા છતાં વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા નહિ કરાતા ચોમાસાની શરૂઆતમાં જ હિરાવંશી ફળિયામાં પાણી ભરાવાની સમસ્યા સાથે ઘરવખરીને નુકશાની વેઠી રહ્યા છે.આશરે બે કલાક બાદ જીલ્લા પંચાયત કારોબારી ચેરમેન નિલેષભાઈ પુરાણી અને મામલતદાર આવતા સમજાવટના અંતે રોડને ખુલ્લો કરાયો હતો.

### અલવા પ્રા. આરોગ્ય કેન્દ્રમાં વરસાદી પાણી ભરાયા છતાં ડૉક્ટરો અને મેડિકલ ટીમે દર્દિઓની સારવાર ચાલુ રાખી



વાઘોડિયા તાલુકામાં નવીન બનાવેલ PHC સેન્ટરમાં માત્ર તાલુકામાં બે કલાકમાં દોઢ ઈંચ વરસાદે પ્રી મેન્સુન કામગીરીની પોલ ખોલી હતી. આરોગ્ય કેન્દ્ર વરસાદે પાણી પાણી કરી નાખ્યું હતું. વાઘોડિયામાં આજે બપોરે લગભગ બે કલાકમાં વરસાદ વરસતા અલવા ગામે ગામના પાણી રોડ પરથી વહીને phc સેન્ટરમાં ભરાવાનું શરુ થયા હતા. એક તરફ બહાર ધોધમાર વરસાદ શરૂ થયો હતો તો બીજી તરફ phc સેન્ટર ખાતે બીમાર દર્દીઓ સારવાર માટે આવ્યા હતા જોકે જોત જોતાંમાં phc સેન્ટરમાં પાણી ભરાતાં અલવા પ્રાથમિક આરોગ્યના મેડિકલ ઓફિસર તેમજ નર્સિંગ સ્ટાફ સહિતના લોકોએ દવાઓને વ્યવસ્થિત જગ્યાએ ખસેડી હતી અડધા ફૂટ જેટલા પાણીમાં પણ દર્દીઓની ડૉક્ટરોએ સારવાર ચાલુ રાખી માનવતા મહેંકાવી હતી.

### 28માંથી 17 રૂટ ચાલુ, 11માં બસ સેવા બંધ

# નસવાડી તાલુકામાં ધો. 6 થી 8ના વિદ્યાર્થિઓને ટ્રાન્સ્પોટેશનની અગવડ

**અંદાજે** 1600 જેટલા બાળકો ખાનગી વાહનોમાં ધક્કા મુક્કી કરીને અભ્યાસ અર્થે આવન જાવન કરે છે

(પ્રતિનિધિ) નસવાડી,તા,15

નસવાડી તાલુકામાં આદિવાસી વિસ્તાર માં ધોરણ 6 થી 8 ની પ્રાથમિક શાળા ઓ ગામડાઓમાં ઓછી છે જેના કારણે જે ગામમાં ધોરણ 6 થી 8 ના હોય તે ગામ ના બાળકો બીજા ગામમાં અભ્યાસ માટે જાય છે 3 કિલોમીટર વિસ્તાર માં જે બાળકો અભ્યાસ માટે જતા હોય તે બાળકો ને ટ્રાન્સ્પોટેશન ની સુવિધા આપવાની હોય છે જ્યારે નસવાડી તાલુકામાં 28 રૂટો માં 1600 જેટલા બાળકો ને ટ્રાન્સ્પોટેશન ની સુવિધા આપવાની છે પરંતુ નસવાડી તાલુકામાં ફક્ત 17 રૂટો ઉપર આ સુવિધા મળી રહી છે 11 રૂટો ઉપર પ્રાથમિક શાળા માં ભણતા બાળકો આજે પણ ચાલી ને જાય છે.જ્યારે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી એ એક માસ માં દરેક ટ્રાન્સ્પોટેશન ની સુવિધામાં વાહન માલિકે આ યોજનામાં વાહન ભાડે આપવું હોય તો ટેક્ષી પારસીંગ ફરજીયાત કરાવી લેવા માટે સૂચના આપતા 11 રૂટો ઉપર વાહન માલિકો વાહન ના મુકતા 700 જેટલા બાળકો પગપાળા ચાલીને પ્રાથમિક શાળા માં અભ્યાસ કરવા માટે જાય છે આદિવાસી વિસ્તારમાં વાહન માલિકો માંથી મળતી માહિતી અનુસાર ટેક્ષી પારસીંગ વાહન કરાવવામાં ખર્ચ વધી જાય છે જેના કારણે વાહન માલિકો આ યોજનામાં વાહન ભાડે આપતા નથી નસવાડી તાલુકામાં આ યોજનામાં વાહન માલિકો વાહન ના મુકતા વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાયા છે.

## નસવાડી તાલુકામાં જાતિના દાખલા માટે લોકોને ધક્કા

(પ્રતિનિધિ) નસવાડી,તા,15

નસવાડી તાલુકાના આમરોલી ગામની એક મહિલાના લગ્ન જીવનમાં એક દીકરી હતી પરંતુ લગ્ન જીવનમાં ભંગાણ આવતા પરણિત સ્ત્રી પોતાની દીકરી સાથે પિતાના ઘરે વર્ષો થઇ રહે છે જયારે આ મહિલા દીકરીને શિક્ષણ આપવા માટે નસવાડી તાલુકાના આમરોલી ગામે ધોરણ 10 સુધી અભ્યાસ કરાવ્યું હવે તેને ઉચ્ચતર અભ્યાસ માટે તણખલા ખાતે મુકવા માટે તેને જાતિના દાખલાની જરૂરિયાત પડતા આ મહિલા પોતાની દીકરી સાથે નસવાડી તાલુકા સેવાસદનમાં જાતિનો દાખલો લેવા માટે પહોંચતા તમામ કાગળો આપવા છતાંય અધિકારીઓએ મહિલાની અરજી દાખલની લીધી નહિ અને અરજીમાં પિતાની સહી કરાઈ લાવો અને પિતાના પુરાવા અરજીમાં મુકવાની માંગણી કરતા આ મહિલા પોતાની આપવીતી જણાવી

### ગાડી પર લાગેલુ સ્વચ્છભારત ગીતનુ સ્પીકર બંધ હાલતમાં

# છોટાઉદેપુરમાં “સ્વચ્છ ભારતના નિર્માણ”નો સંદેશ પ્રજાને સંભળાતો નથી



(પ્રતિનિધિ) છોટાઉદેપુર,તા,15

“સ્વચ્છ ભારત મિશન” એ સરકાર ની મહત્વના એજન્ડામાં આવતું હોય પરતું છોટા ઉદેપુર નગરમાં કચરો ઉઘરાવતી ગાડી ઓ જેનું સંચાલન નગર પાલિકા કરે છે. પરતું સદર ડસ્ટબીન વાનમાં સ્વચ્છ ભારત નું નિર્માણ કરવાનું છે તેવા ગીત વગાડવામાં આવે છે

પરતું સ્પીકર ચાલતા નથી અને પ્રજાને સંભળાતું નથી કે ગાડી આવી. તો ચાલકો દ્વારા માત્ર હોર્ન વાગડવામાં આવે છે તો ઘરનો ગંદો કચરો ડસ્ટબીન વાન માં કેવી રીતે નાખવો જે બાબતે પ્રજા ફરિયાદ કરી રહી છે. અત્રે ઉલ્લેખનીય છેકે છોટા ઉદેપુર નગરમાં ૩૫ હજાર જેટલી વસ્તી વસવાટ કરે છે જેમાં કુલ સાત વોર્ડ આવેલા છે સાતે સાત વૉર્ડમાં ડસ્ટ બિન વાન ફાળવવામાં આવેલી છે જે સફાઈ કર્મચારીઓ દ્વારા રોડ ની સફાઈ થયા બાદ ડોર ટુ ડોર કચરો કલેક્શન કરવા નીકળે છે જેમાં વાગતી ટેપ પ્રજાને સૂચિત કરે છે કે કચરાની ગાડી આવી ગઈ છે.

પરતું ઘણી જગ્યાએ ગાડીના સ્પીકરો ચાલતા નથી જે સ્પીકર બનાવવા આપ્યા હોય તેવું જાણવા મળે છે. પરતું મહિના સુધી સ્પીકરો રિપેર થતાં નથી , વોર્ડ નં ૬ માં ફરતી ડસ્ટ બિન વાન નું મહિના ઉપરાંત થી સ્પીકર ચાલતું ન હોય તેવી ફરિયાદ પ્રજા કરી રહી છે. લોકો જણાવે છેકે ગાડી આવે ત્યારે માત્ર હોર્ન વગાડવામાં આવે છે જેથી અસંખ્ય વાહનો મુખ્યમાર્ગ પરથી પસાર થતા હોય ગૃહિણી ઓને ડસ્ટબિન વાન નો ખ્યાલ આવતો નથી. જેથી કચરો રોડ પર જ ઠલવાતો જોવા મળી રહ્યો છે. આ બાબતે તંત્ર દ્વારા વાન ના સ્પીકરો રિપેર કરાવવામાં આવે તેવી સ્થાનિક રહીશોની માંગ ઉઠી છે.

### નાળુ નવુ બનાવ્યુ પણ પીલરો તો જુના જ રહેવા દીધા

# નસવાડીના ખરેડા ગામે લો લેવલના કોઝવેની દિવાલના કામમાં લાલીયાવાળી



(પ્રતિનિધિ) નસવાડી,તા,15

નસવાડીના ખરેડા ગામે અશ્વિન નદી ઉપર લો લેવલનો કોઝવે બનાવામાં આવ્યો હતો છે જયારે લો લેવલ કોઝવે સાંકડું પડતા વાહનવ્યવહાર ઉપર અસર પડતી હતી જેને લઈ પંચાયત માર્ગ મકાન વિભાગ દ્વારા કોઝવેની પહોળાઈ વધારવા માટે કામગીરી શરૂ કરી હતી કોઝવેનું ધોવાણ થતું હોવાથી કોઝવેની બાજુમાં દીવાલ બનાવવામાં આવી હતી.

પરંતુ જુના કોઝવે ઉપર જે નાના પીલરો બનાવામાં આવ્યા હતા તે પીલરો કાઢવામાં ના આવતા પંચાયત માર્ગ મકાન વિભાગના ઈજનેરો નવો કમાલ કરતા હાલ ઘોર બેદરકારી સામે આવી છે જયારે હવે ચોમાસામાં વધુ વરસાદ પડે અને કોતરમાં પાણી આવે ત્યારે કોઝ વે ઉપર પાણી ફરી વળે ત્યારે પીલરો પાણીમાં ઢકાઈ જશે અને દેખાઈ પણ નહિ ત્યારે વાહનચાલકો કોઝ વે ઉપર થી પસાર થાય ત્યારે આ પિલર માં વાહન ભટકાવી દેશે અને કોઈ જાનહાની થશે તેની જવાબદારી કોની જયારે પંચાયત માર્ગ મકાન વિભાગ જયારે કામગીરી કરાવતું હોય ત્યારે આવી નાની નાની બાબતો નું ધ્યાન આપતું નથી જેના લીધે મોટી દુર્ઘટના સર્જાવા ની ભીતિ છે જયારે આદિવાસી વિસ્તારમાં લો લેવલના કોઝ વે તોડીને પુલ બનાવવા માટે વારંવાર ગ્રામજનોએ રજૂઆત કરી છે પરંતુ તંત્રના અધિકારીઓ ધ્યાન આપતા નથી તેવી ગામલોકોમાં ચર્ચા ઉઠી છે.

### સાવલી નગરના લાહોરી વગા વિસ્તારમાં ફિલિસ્તાન દેશનો ઝંડો લગાવતા મામલો ચર્ચાનો વિષય બન્યો



**સાવલી** : મહોરમનું પર્વ ચાલી રહ્યું છે તેવામાં સાવલી નગર ના લાહોરી વગાં વિસ્તારમાં ફિલિસ્તીનનો ધ્વજ લગાવતા ભારે ચર્ચાનો વિષય બન્યો હતો પ્રાત વિગતો મુજબ જિલ્લા પોલીસવળા સુધી આ બાબતે રજૂઆત કરવામાં આવેલ હતી અને જિલ્લા પોલીસની ટીમ પણ સાવલી પહોંચી હતી પોલીસે ઘટના સ્થળે પહોંચીને ફિનિશિંગ દેશ ન ઝંડો અને એક યુવકની અટક કરી હતી જોકે ત્યારબાદ મુસ્લિમ સમાજના અગ્રણીઓ અને અટક કરાયેલ યુવકના પરિવારજનો સાવલી પોલીસ મથકે પહોંચ્યા હતા જ્યાં બનેલા બનાવ બાબતે ફરીથી નહીં થાય તેવી બાહેધરી અને ખાતરી આપવામાં આવી હતી જો કે સાવલી પોલીસે પોલીસ મથકે જાણવા જોક રજીસ્ટર કરીને કાર્યવાહી કરી હતી. એક તબક્કે ફિલિસ્તીન ના ના ઝંડા ના પગલે ભારે ઉત્તેજના પ્રસરી ગઈ હતી જોકે અંતે મામલો થાળે પડી ગયો હતો.

### ચોમાસામાં આવતા પુર દરમિયાન મંદિરને નુક્સાનથી બચાવવા માટે દિવાલ જરૂરી છે

# સંખેડા અર્જુનનાથ મહાદેવના મંદિરની સૌરક્ષણ દિવાલ માટેની મુખ્યમંત્રી રાહત ફંડમાંથી રૂા. 50 લાખના અનુદાનની માંગણી



(પ્રતિનિધિ) સંખેડા,તા,15

સંખેડા નગરનો પ્રસિદ્ધ એવું હાંડોદ રોડ પર આવેલું અર્જુનનાથ મહાદેવજીના મંદિરને બચાવી લેવા માટે મુખ્યમંત્રી રાહત ફંડમાંથી રૂા. 50 લાખની અનુદાનની માંગણી સંખેડાના સામાજિક કાર્યકર અને વકીલ જયેશભાઈ દ્વારા કરાઈ છે. ઉચ્છ નદીના કિનારે આવેલ પ્રસિદ્ધ એવા અર્જુનનાથ મહાદેવજીના મંદિરની પાછળ આવેલ નકુલેશ્વર મહાદેવજીનું મંદિર જે બે વર્ષ અગાઉ ઉચ્છ નદીમાં આવેલા ઘોડાપૂરમાં પાણી માં ઘરકાવ થઈ ગયું હતું.

નદીમાં મંદિર ધરાશાઈ થયા બાદ હવે અર્જુનનાથ મહાદેવજીનું મંદિર નદીના કિનારે ઉભું છે. ફરીથી નદીમાં જો પૂર ની પરિસ્થિતિ સર્જાય તો અર્જુનનાથ મહાદેવજીનું મંદિર પણ ધરાશાઈ થાય એવી શક્યતા રહેલી છે. આ મંદિરને બચાવી લેવા માટે સંખેડાના નેતાઓ નિષ્ફળ જતા સંખેડા ના સામાજિક કાર્યકર અને વકીલના વ્યવસાય સાથે સંકળાયેલા એવા જયેશભાઈ રોય દ્વારા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને મુખ્યમંત્રી રાહત ફંડમાંથી 50 લાખ રૂપિયાનું અનુદાન આ મંદિરની પાછળ સરક્ષણ દીવાલ માટે ફાળવવામાં આવે તેવી લેખિત રજૂઆત કરાઈ છે.

# સાવલીમાં મેઘમેહરથી રસ્તા ઉપર ઢિંચણસમા પાણી ભરાયા

(પ્રતિનિધિ) દાહોદ,તા,15

સાવલી તાલુકામાં આજે બપોરના સમયે અચાનક મેઘરાજાએ મહેર કરી હતી અને જોરદાર વરસાદી ઝાપટું વરસી ગયું હતું તેના પગલે ભારે ગરમીમાં ઠંડકનો અહેસાસ તાલુકા જનોએ કર્યો હતો અને ગરમીનો પારો ગગડી ગયો હતો આજે ૧૨ થી ૪ વાગ્યા સુધી કુલ 33 મી મી વરસાદ પડ્યો હતો તેના પગલે સીઝનનો કુલ 105 મિમી વરસાદ નોંધાવા પામ્યો છે જ્યારે સાવલી નગરમાં એક સામટા માત્ર ૨૯ મીમી વરસાદના પગલે પોલીસ મથકની આજુબાજુના વિસ્તારમાં પાણી ભરાયા હતા અને રાહદારીઓને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો અને નગરપાલિકાની પ્રી મોન્સુન કામગીરીની પોલ ખુલી જવા પામી હતી જ્યારે ભારે પવનના પગલે સાવલી વડોદરા રોડ પર કેટલાક વૃક્ષોના ડાળીઓ તૂટી જવા પામી હતી જ્યારે ભારે ગરમીના પગલે નાના ભૂલકાઓએ વરસાદમાં નાહવાની મજા લીધી હતી.